હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ડેડી હુ હીટ એન્ડ રનનાં કેઇસમાં ફસાઊ એવો નથી...હુ જેના પર ગાડી ચડાવીશ તેને હુ દવાખાને પહોંચાડી જ દઊ છુ....!!

એપોલો બસ સ્ટેન્ડથી રીક્ષામાં બેઠેલા વૃદ્ધનો સોનાનો દોરો ટોળકીએ સેરવી લીધો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં રીક્ષામાં બેસાડી મુસાફરનો કિંમતી સામાન તેમજ પૈસા સેરવી લેતી ટોળકી સક્રિય થઈ ગઈ છે. ભાટ એપોલો હોસ્પિટલના બસ સ્ટેન્ડ થી ગાંધીનગર આવવા માટે વયોવૃધ્ધ દંપતિ રીક્ષામાં બેઠુ હતું. તે સમયે રીક્ષામાં મુસાફરના સ્વાંગમાં બેઠેલા ઠગ ટોળકીએ વૃધ્ધના ગળામાંથી રૂ.૩૫ હજારનો સોનાનો દોરો સેરવી લીધો હતો.ત્યારબાદ કુડાસણની સોસાયટી પાસે વૃધ્ધ દંપતિને રીક્ષામાંથી ઉતારી ઠગ શખ્સો નાસી ગયા હતા.

બનાવ અંગે વૃદ્ધે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩ એ પ્લોટ નં.૯૦-૧ માં રહેતા ૭૨ વર્ષિય રાજીવભાઈ કલાભાઈ પરીખના પરિવારમાં પત્ની દિનાબેન, પુત્ર-પુત્રવધુ છે. જુના સચિવાલય પાટનગર યોજના વિભાગમાંથી કચેરી અધિક્ષક તરીકે નિવૃત થયેલા રાજીવભાઈ ગઈકાલે સવારે હદયની બિમારીની દવા લેવા માટે પત્ની સાથે એપોલો હોસ્પિટલ ગયા હતા. એપોલો હોસ્પિટલ થી ઘરે આવવા માટે મુખ્ય માર્ગ પરના બસ સ્ટેન્ડ ખાતે ઉભા હતા. તે સમયે ઈન્દીરાબ્રિજ થી રીક્ષા આવી હતી. જેમાં દંપતિ ગાંધીનગર ઘ-૧ ઘરે જવા માટે રીક્ષામાં બેઠા હતા. ત્યારે પાછળની સીટમાં બે ભાઈ અને બહેન મુસાફરના સ્વાંગમાં બેઠા હતા. પરંતુ રીક્ષામાં અગાઉ થી ત્રણ મુસાફર હોવાથી ચાલકે બે ભાઈઓને આગળ બેસાડયા હતા.ત્યારબાદ થોડા આગળ જતા સર્કલ આવતા રીક્ષા ચાલકે રાવજીભાઈને કહ્યું કે આગળ પોલીસ ઉભી છે. જેથી આગળ બેઠેલા બંને શખ્સોને પાછળ બેસવુ પડશે.જયારે સર્કલ બાદ તેઓને ફરીવાર આગળ બેસાડી દઈશ.જેથી બંને શખ્સો પાછળની સીટમાં ગોઠવાઈ ગયા હતા. રાજીવભાઈના પત્નીને આગળ બેસાડયા હતા.જયારે ત્રણેય શખ્સો રાજીવભાઈને આગળ પાછળ ખસવા માટે સતત કહી રહ્યા હતા.આ દરમિયાન ચાલકે કોબા સર્કલ થી શાહપુર સર્કલ વટાવી દીધુ હતું. તે સમયે રાજીવભાઈએ કહ્યું કે હવે સર્કલ જતુ રહ્યું છે.જેથી તમે આ બે ભાઈઓને આગળ બેસાડી દો અને મારી પત્નીને પાછળ બેસાડી દો. જેથી આ રીક્ષા ચાલકે કે તેઓને થોડા આગળ જઈ ઉતરી જવાનું છે. રીક્ષા કુડાસણ પાટીયાથી ડાબી બાજુ વાળી સર્વિસ માર્ગ પર સીધી લઈ ગયો હતો. ત્યારબાદ કુડાસણની કોઈ સોસાયટી નજીક ઈન્ટર્નલ માર્ગ પર દંપતિને ઉતારી દીધા હતા. રીક્ષાચાલકે આગળ બીજા મુસાફરોને ઉતારી પાછો આવું છુ તેમ દંપતિને કીધુ હતું. જો કે દંપતિએ રાહ જોયા પછી પણ રીક્ષા પરત આવી ન હતી. જેથી રાવજીભાઈને અંદાજ આવી ગયો હતો કે તેમના ગળામાંથી રૂ.૩૫ હજારનો સોનાના દોરો અદ્રશ્ય થઈ ગયો હતો. જેથી વૃધ્ધે ઈન્ફોસીટી પોલીસ મથકે રીક્ષા ટોળકી સામે સોનાનો દોરો સેરવી લેતા ફરીયાદ નોંધાવી છે.

પેથાપુર ચાર રસ્તા પાસે ગાડીમાંથી દારૂની ૭૭૩ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૯

વિજાપુર તરફથી દારૂ ભરેલી કાર ગાંધીનગર આવી રહી હતી. ત્યારે પેથાપુર ચોકડી પાસે પોલીસે કારને ઝડપી પાડી હતી. પેથાપુર પોલીસે કારમાં તપાસ કરતા વિદેશી દારૂની ૭૭૩ બોટલ મળી આવી હતી. પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ પેટ્રોલીંગમાં હતી. તે સમયે પોલીસને બાતમી મળી હતી કે વિજાપુર મહુડી માર્ગ પરથી દારૂ ભરેલી સ્વીફટ કાર નં. જી.જે.૧૩.એ.એચ.૭૦૩૫ ગાંધીનગર તરફ આવી રહી છે. જેથી પોલીસે પેથાપુર ચોકડી પાસે વોચમાં ગોઠવાઈ ગઈ હતી. બાતમીવાળી કાર આવતા પોલીસે આડશ કરી તેને રોકી પાડી હતી. પોલીસે કારના ચાલકને નામ પુછતા તેણે કૈલાશ સુરજારામ બિશ્નોઈ (રહે. મુકામ નોખા બિકાનેર રાજસ્થાન), ને સાથે રાખી કારમાં તપાસ કરતા વિવિધ બ્રાન્ડની ૭૭૩ બોટલ કિં. ૧,૭૯,૪૩૬ નો દારૂ મળી આવ્યો હતો. સાંચોર થી સચિન બિશ્નોઈએ કારમાં દારૂ ભરી આપ્યો હતો. જયારે દારૂ ભરેલી કાર મહેસાણાના ઉદલપુર પાસે એક શખ્સ લેવા માટે આવવાનો હતો. ચિલોડા પોલીસે ત્રણ શખ્સ સામે ગુનો નોંધી કાર, દારૂ, મોબાઈલ સહિત રૂ.૪.૪૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રાંદેસણ વિસ્તારમાં ઘર બતાવી

એસ્ટેટ બ્રોકરે પોલીસ જવાન પાસેથી રૂ.૧૧.૪૭ લાખ ખંખેરી લીધા

ગાંધીગનર, તા.૯

ગાંધીનગરમાં મકાન દલાલી કરતા શખ્સે પોલીસ કર્મચારીનું પણ રૂ.૧૧.૪૭ લાખનું ફુલેકુ ફરેવી નાંખ્યું છે. રાંદેસણ વિસ્તારમાં પ્રથમ માળે ફલેટ બતાવી મકાન માલિક અમેરીકા રહે છે અને તેની ચાવી મારી પાસે છે. તેમ કહી પોલીસ કર્મચારી પાસે તબક્કાવાર રૂપીયા પડાવ્યા હતા. ત્યારબાદ દલાલી કરતા વ્યકિત એ પોલીસ કર્મચારીને દસ્તાવેજ કરી આપ્યો ન હતો. જેથી પોલીસ કર્મચારીએ ઈન્ફોસીટી પોલીસ મથકે દલાલ શખ્સ સામે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પોલીસ ભવનમાં આઈબી શાખામાં ફરજ બજાવતા હિતેશકુમાર કનૈયાલાલ જોશી પોલીસ કવાર્ટરમાં રહે છે. પોલીસ જવાનને ફલેટ ખરીદી કરવાનો હોવાથી દલાલ મિત્ર રવિ નરેન્દ્ર ધાનાણી સાથે પરિચય થયો હતો. જેથી મકાન ખરીદીની વાત કરતા જ વેદીકા હેપ્પી વેલી સીટીમાં પ્લસની બાજુમાં ૩૦૦ ફલેટની સ્કિમ બતાવી હતી. જેમાં ફલેટ લે વેચ અને ભાડે આપવાનું કામ કરે છે. જેથી પોલીસ જવાને તે વિસ્તારમાં મકાન લેવાની ઈચ્છા વ્યકત કરી હતી. જેમા વેદીકા હેપ્પી વેલીમાં મકાન નં.૧૦૩ બી બ્લોકમાં પ્રથમ માળે મકાન બતાવ્યું હતું.તે સમયે કિશન પટેલ અને ભોલાજી ઠાકોર દલાલ રવિ સાથે હતા.તે સમયે ફલેટની ચાવી મારી પાસે છે, પરંતુ ફલેટના માલિક અમેરીકા રહે છે. એક માસમાં ફલેટના માલિક ભારત આવશે. તે સમયે દસ્તાવેજ કરાવવો પડશે. મકાન રૂ.૩૨.૫૧ લાખમાં વેચવાનું જણાવ્યું હતું.ત્યારબાદ દલાલ રવિનેતબક્કાવાર રૂ.૧૧.૪૭ લાખ આપવામાં આવ્યા હતા.જયારે મકાનના દસ્તાવેજની વાત આવતા માલિક આવશે ત્યારે કરી આપીશ તેમ કહેવામાં આવ્યું હતું. પરંતુ દલાલ રવિએ ત્યારપછી મોબાઈલ ફોન બંધ કરી પલાયન થઈ જતા પોલીસ જવાને છેતરપિંડી અને વિશ્વાસઘાતની ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત ૬૦ હજાર તિરંગાનું વિતરણ કરશે

ગાંધીનગર, તા.૯

આગામી સ્વાતંત્ર પર્વને અનુલક્ષીને શરુ કરવામાંઆવેલા હર ઘર તિરંગા અભિયાનમાં ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા આશરે ૬૦ હજાર જેટલા રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવાનું ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.જે અન્વયે જિલ્લા પંચાયત દ્વારા કુલ.૪.૧૫ લાખ જેટલા રાષ્ટ્રધ્વજ લાવવામાં આવ્યા છે. આ પૈકી ગાંધીનગર જિલ્લામાં ૬૦હજાર રાષ્ટ્રધ્વજ રાખીને બાકીના પૈકી અમદાવાદ, સાબરકાંઠા, અને અરવલ્લી જિલ્લા ખાતે મોકલી આપવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લાની ચાર પંચાયતને દશ-દશ હજાર તિરંગા આપવામાં આવશે.જયારે જિલ્લા પંચાયત દ્વારા બાકીના ૨૦ હજાર જેટલા તિરંગાનું વિતરણ કરવામાં આવશે. આઝાદીના અમૃત પર્વ અંતર્ગત આગામી તા.૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન હાથ ધરવામાં આવેલી તિરંગા ઝુંબેશમાં ખાનગી અને સહકારી સંસ્થાઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓને જોડીને ગત વર્ષે પણ ઘર ઘર તિરંગા અભિયાન યોજવામાં આવ્યું હતુ અને આ વર્ષે પણ વધુમાં વધુ નાગરીકો સુધી તિરંગો પહોંચે તે માટે જિલ્લા પંચાયત દ્વારા કવાયત હાથ ધરાઈ છે.

ગુજરાતમાં દિવસે ને દિવસે વધતા જતા નશાખોરી ના વિરોધમાં આજરોજ NSUI દ્વારા ગાંધીનગર કલેકટરશ્રી ને આવેદન પત્ર આપવામા આવ્યુ દિવસેને દિવસે નશાખોરી વધતી જાય છે દિવસેને દિવસે કરોડો રૂપિયાનો ડ્રગ્સ પકડી પાડવામાં આવી રહ્યું છે તે ખૂબ જ ચિંતા નો વિષય છે હવે તો શિક્ષાના ધામને પણ નશાનું ધામ બનાવવામાં આવી રહ્યું છે સમગ્ર ગુજરાતની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાથી ગાંજાના છોડ પકડાવવા દારૂ ની બોટલો મળવી સાથે ગાંધીનગર માં ઉમેરાયલા નવા વિસ્તારમાં પણ આવી પ્રવુતીઓનુ પ્રમાણ વધી રહ્યુ છે પ્રાઈવેટ સંસ્થાઓની આસપાસ નશીલા પદાર્થોનુ ધુણ વેચાણ થઈ રહ્યુ છે ત્યારે આપ શ્રી આવા તમામ લોકો સામે કડક કાર્યવાહી કરવામા આવે અને વિધાનાધામોમાંથી આ દુષણો ને દુર કરવામાં આવે નહીતર આગામી સમયમાં આવા કેમપ્સો આગળ NSUI અને કોગ્રેસ પક્ષ દ્વારા ઉગ્ર આદોલન કરવામાં આવશે આજ રોજ વિપક્ષ નેતા ગાંધીનગર મહાનગર પાલિકા અંકિત બારોટ ની આગેવાની માં હજૈ ના આગેવાનો એ કલેકટર શ્રી ને આવેદન આપ્યું હતું

મેરી માટી મેરા દેશ અન્વયે ગાંધીનગરના ગામડાઓમાં વિવિધ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૯

રાજયમાં તા.૯ થી તા.૧૫ ઓગસ્ટ સુધી મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત રાજયની તમામ ગ્રામ પંચાયતમાં વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ગાંધીનગર જિલ્લાની ગ્રામ પંચાયતોમાં ગ્રામસભા યોજવામાં આવી હતી. આ કાર્યક્રમનો વધુમા વધુ પ્રચાર પ્રસાર કરવામાં આવે તેમજ ગ્રામજનોને જોડવા માટે પ્રયાસ કરાયો હતો. ગ્રામસભાના પ્રશ્નોની માહિતી જિલ્લાના અધિકારીઓને પહોંચાડવામાં આવશે. આજે અને આવતીકાલ થઈ ને જિલ્લાના ૨૮૮ ગામમાં ગ્રામસભા યોજાઈ હશે. જેમાં દહેગામના-૯૩, ગાંધીનગરના-૫૮,માણસાના-૮૧, તેમજ કલોલ તાલુકાના-૫૬ ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગ્રામસભાના પ્રશ્નોને લઈ જે તે ગામના સરપંચને તે અંગે શું કામગીરી થઈ રહી છે તેનો જવાબ આપવામાં આવ્યો હતો. દર મહિને મળતી સંકલન સમિતિમાં બાકી રહેલા પ્રશ્નોની સમિક્ષા કરવામાં આવશે. ગ્રામસભા સાથે મહિલા અને બાળસભાનું આયોજન કરી બાળકી, સગર્ભા માતા, ધાત્રી માતા તેમજ કિશોરીઓના પોષણ સ્તરની સમિક્ષા કરવા તેમજ શિક્ષણ આરોગ્ય અને પરિવાર નિયોજન તેમજ મહિલાઓ બાળકો માટે સ્થાનિક કક્ષાએ પડતી મુશ્કેલી અંગે ચર્ચા કરવા જણાવાયું છે. જયારે ગ્રામસભામાં ગ્રામ પંચાયત મંત્રી, ગ્રામ સેવક, આરોગ્ય કર્મચારી, આંગણવાડી કાર્યકર, શિક્ષકો, તમામ વિભાગના કલાસ-૧ અને ૨ કક્ષાના અધિકારીઓની હાજરી અને કામગીરી સહિતનો અહેવાલ તૈયાર કરીને ઉચ્ચકક્ષાએ સબમીટ કરવાનો રહેશે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા

ગાંધીનગરમાં ફર્સ્ટ એઈડની તાલીમ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર ખાતે ૧૧ ઓગષ્ટથી ફર્સ્ટ એઈડ તાલીમની શરૂઆત કરવામાં આવી રહી છે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના ચેરમેન જીલુભા ધાંધલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે તાજેતરમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા ડ્રાઈવર અને કંડક્ટરના પદ માટેની ભરતી બહાર પાડવામાં આવી છે. આ પદ માટે અરજી કરવા હેતુ ઉમેદવારો પાસે ફર્સ્ટ એઈડ તાલીમનું પ્રમાણપત્ર હોવું આવશ્યક ગણવામાં આવ્યું છે. આ કારણે ફર્સ્ટ એઈડ પ્રમાણપત્રની માંગ ખૂબ મોટા પ્રમાણમાં વધી ગઈ છે. આ ઉમેદવારોને ગાંધીનગર ખાતે ફર્સ્ટ એઈડની પદ્ધતિસરની તાલીમ-પ્રમાણપત્ર મળી રહે એને તેઓ ડ્રાઈવર, કંડક્ટરના પદ હેતુ અરજી કરી શકે તે માટે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા અને ગાંધીનગર તાલુકા શાખાના સંયુક્ત ઉપક્રમે ફર્સ્ટ એઈડ તાલીમનો આરંભ શુક્રવાર તા. ૧૧ ઓગષ્ટથી કરવામાં આવી રહ્યો છે. તાલીમમાં જોડાવા માગતા ઉમેદવારોએ ગુરૂવાર તા. ૧૦ ઓગષ્ટના રોજ સવારે ૯થી ૧૧ દરમિયાન ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ઈન્ફોસિટી, ગાંધીનગર ખાતે રૂબરૂ ઉપસ્થિત રહી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન માટે ઉમેદવારે શૈક્ષણિક લાયકાતનું પ્રમાણપત્ર (છેલ્લી માર્કશીટ), આધાર કાર્ડ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/જન્મનું પ્રમાણપત્ર અને પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ સાથે લાવવાના રહેશે. તાલીમ પણ આ જ સ્થળે યોજવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે આ તાલીમ માટે ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે. આ અંગેની વધુ માહિતી માટે મોબાઈલ નંબર ૯૮૨૪૦ ૨૯૯૦૨ (જીલુભા ધાંધલ) અથવા ૯૮૨૪૫ ૧૦૧૪૫ (કુંતલ નિમાવત)ના માધ્યમથી સંપર્ક કરવા તેમણે જણાવ્યુ છે.

વિભાગીય નાયબ નિયામક ડો.સતિષ મકવાણા દ્વારા માતૃવંદના યોજનાના લાભાર્થીઓની ગૃહ મુલાકાત લીધી

આજરોજ વિભાગીય નાયબ નિયામક ગાંધનગર ડો.સતિષ મકવાણા દ્વારા ગાંધીનગરના જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડભોડા ખાતે "પ્રધાનમંત્રી માતૃવંદના યોજના" હેઠળના લાભાર્થીઓની ગૃહ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ડો.સતિષ મકવાણાએ આ યોજના વિશે આશાવર્કર દ્વારા માહિતગાર કરવામાં આવ્યા છે કે કેમ ? તેની જાતે ખાતરી કરી હતી. ઉપરાંત તાજેતરમાં રાજયમાં ચાલી રહેલા ઈન્ટેનસિફાઈડ મિશન ઈન્દ્રધનુષ ૫.૦ અંતર્ગત કે જેમાં બાળકોને થતા ૧૧ ગંભીર રોગો સામે આપવામાં આવતી રસીઓથી વંચિત રહી ગયેલા ૦ થી ૫ વર્ષના બાળકોનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે તેમને બાકી રહેલા રસીના ડોઝ ઉપલબ્ધ થાય તે અંગે જરુરી સુચના આપી હતી.

ગીયોડ પાસેથી આઈશર ટ્રકમાંથી વિદેશી દારૂની ૪૫૦ પેટી ઝડપાઈ

ઘાસચારાની આડમાં વિદેશી દારૂનો આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ થયો, એલસીબી-૨ પોલીસે રૂ.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૯

ચિલોડા-હિંમતનગર હાઈ વે માર્ગ ગીયોડ પાટીયા પાસેથી આઈશર કન્ટેનરમાંથી વિદેશી દારૂની ૪૫૦ પેટી એલસીબી-૨ પોલીસે ઝડપી પાડી છે.

કન્ટેનરમાં ઘાસચારાની આડમાં પંજાબ થી રાજકોટ દારૂ લઈ જવાતો હતો. પોલીસે રૂ.૧૫ લાખના દારૂ સહિત ટ્રક ચલાકને પકડી પાડી કુલ રૂ.૨૫ લાખથી વધુના મુદ્દામાલ ઝડપી પાડી આંતરરાજ્ય દારૂના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

એલસીબી-૨ પીઆઈ એચ.પી.પરમાર ટીમના જવાનો સાથે ચિલોડા વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા.તે સમય દરમિયાન બાતમી મળી હતી કે હિંમતનગર તરફથી આવતી આઈશર ટ્રક ગેરકાયદેસર દારૂનો જથ્થો ભર્યો છે. જેથી એલસીબીની ટીમે ગીયોડ ગામ નજીક નવા ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવી દીધી હતી. બાતમીવાળી આઈશર ટ્રક નજીક દેખાતા તેને કોર્ડન કરી લીધી હતી. પોલીસે ચાલકનું નામ પુછતા સુખવીંદર બલવંતસિંગ (રહે મકાન .૧૦૪૧-૨, વોર્ડ નં.-૨ મોહાલી પ્રેમનગર રાઈકોટ લુધીયાના પંજાબ) હોવાનું જણાવ્યું હતું. બાદમાં ટ્રકની તલાશી લેતા સફેદ

કલરની મીણીયાની થેલીઓ ભરેલી હતી. આ થેલીમાં તપાસ કરતા પશુઓને ખાવા માટેનો સુકો ઘાસચારો હતો. આ ઘાસચારાની થેલીઓ ચેક કરતા તેની પાછળથી વિદેશી દારૂની ૪૫૦ પેટી મળી આવી હતી. આટલી મોટી માત્રામાં વિદેશી દારૂની પેટીઓ જોતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે દારની પેટીમાં રહેલો દારૂ ગણતા ૫૪૦૦ બોટલ થયો હતો. ટ્રક ડ્રાઈવર સુખવિંદરે જણાવ્યું કે તેના મિત્ર શનિ દ્વારા પંજાબના મોગા શહેરથી દારૂ ભરીને લાવ્યો હતો.રાજસ્થાના બોર્ડર પૂર્ણ કરી ગુજરાતમાં પ્રવેશી પેટ્રોલપંપ ખાતેથી ડીઝલ ભરાવ્યું હતું. ડીઝલનું બીલ ચુકવી તે વ્યકિતએ ચુકવી દીધુ હતું. જયારે દારૂનો જથ્થો રાજકોટ પહોંચાડવા સુચના આપી હતી. એલસીબીએ વિદેશી દારૂનો રૂ.૧૫ લાખનો જથ્થો, ટ્રક કિં.૧૦ લાખ, મોબાઈલ ફોન, રોકડ રકમ મળીને કુલ રૂ.૨૫ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

સિવિલના ડોક્ટર નીરજ સુરીને રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કાર એનાયત

ગાંધીનગર,તા.૦૯

જીએમઈઆરએસ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એસોસિયેટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. નીરજ સુરીને નવી દિલ્હી ખાતે ૯મી ઑગસ્ટના રોજ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે આયોજિત સમારોહ દરમિયાન પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કાર (RGA) એનાયત કરવામાં આવ્યો હતો .આ પુરસ્કાર લોકસભાના ભૂતપૂર્વ સ્પીકર દ્વારા આપવામાં આવ્યો હતો. શ્રીમતી મીરા કુમાર અને મેઘાલયના મુખ્ય મંત્રી રાજ્ય અને કેન્દ્રના વિવિધ મંત્રીઓની હાજરીમાં. ૨૦૨૨ માં, તેણીને બહેરાશના ક્ષેત્રમાં તેમના અસાધારણ યોગદાનને માન્યતા આપવા બદલ શ્રીમતી સ્મૃતિ ઈરાની અને બાદમાં ટાઈમ્સ હેલ્થ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. RGA જેવો પુરસ્કાર માત્ર વધુ સારું કરવા માટે પ્રેરણા જ નથી પરંતુ સશક્તિકરણની નિશાની પણ છે. ડૉ. નીરજ સૂરી બહેરાશની દુનિયામાં શ્રેષ્ઠતા અને નવીનતાનો પર્યાય સમાન નામ છે .તેમના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં બહેરાશના આ ક્ષેત્રે કેટલીક અદ્ભુત પહેલ કરી છે .ઉભરતા ઈહં સર્જનને નક્કર પ્લેટફોર્મ પૂરું પાડવા માટે, તેમણે પ્રથમ પ્રકારની કોકલિયર ઇમ્પ્લાન્ટ ફેલોશિપ શરૂ કરી છે. ભારતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તે દરેક ENT માટે એક પગથિયું છે જેઓ ઝૈં વિશ્વમાં પોતાનું નામ રાખવા માંગે છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ એ કોક્લીયર ઈમ્પ્લાન્ટ્સ માટેનું અદ્યતન તાલીમ કેન્દ્ર છે .તેણે ગુજરાતમાં નવજાત શિશુની સુનાવણી સ્ક્રીનીંગની પહેલ કરી છે જ્યાં ગુજરાત સરકાર પ્રારંભિક હસ્તક્ષેપ માટે આવું કરનાર પ્રથમ મોડેલ રાજ્ય છે .તેમણે ગુજરાત અને ભારતમાં અસંખ્ય ઈહં સર્જનોને માર્ગદર્શન આપ્યું છે તેણી કહે છે "પ્રસંશા માટે ઇચ્છ પ્રાપ્ત કરીને હું ખૂબ જ નમ્રતા અનુભવું છું કારણ કે તે અમને માનવતા માટે વધુ સારું કરવા પ્રેરે છે. સારું કામ કરતા રહેવાનું વધુ મહત્ત્વનું છે

એક્ઝિમ બેંકે GIFT સિટી ખાતે પેટાકંપની શરૂ કરી

ગાંધીનગર,તા.૦૯

૮મી ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ ટેક સિટી (ગિફ્ટ સિટી) ખાતે એક્સપોર્ટ-ઈમ્પોર્ટ બેંક ઓફ ઈન્ડિયા (એક્ઝિમ બેંક) ની પેટાકંપની ઈન્ડિયા એક્ઝિમ ફિનસર્વ IFSC પ્રાઈવેટ લિમિટેડ (એક્ઝિમ ફિનસર્વ)નું ઉદ્ઘાટન વિભાગના સચિવ ડૉ. વિવેક જોશી, નાણાકીય સેવાઓ (DFS), નાણા મંત્રાલય, ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું

એક્ઝિમ ફિનસર્વના લોંચ ઈવેન્ટમાં, ડૉ. વિવેક જોશી, સેક્રેટરી, ડીએફએસ, એ જણાવ્યું કે એક્ઝિમ બેંકની પેટાકંપની,માનનીય નાણામંત્રી, સુશ્રી નિર્મલા સીતારમણ દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૩ માં જે જાહેરાત કરવામાં આવી હતી, તે MSMEs માટે ફાઈનાન્સની ઍક્સેસને સુધારવા માટે ભારત સરકાર દ્વારા લેવામાં આવતા પ્રયત્નોની મોઝેકની બીજી કડી છે.તેમણે ઉલ્લેખ કર્યો હતો કે એક્ઝિમ ફિનસર્વની શરૂઆત એ સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અત્યંત સમયસર અને સૌથી યોગ્ય છે, ખાસ કરીને MSME માટે, અને MSME નિકાસકારોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે, ફેક્ટરિંગ સેવાઓ માટે સુસંગત અને સરળ માળખાને અસરકારક રીતે લાભ આપવા માટે એક્ઝિમ ફિનસર્વની ક્ષમતામાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો..

એક્ઝિમ બેંકના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી હર્ષા બંગારીએ હાઈલાઈટ કર્યું હતું કે એક્ઝિમ ફિનસર્વની શરૂઆત MSME નિકાસકારો દ્વારા સામનો કરવામાં આવતા ધિરાણના અંતરને પહોંચી વળવા પર બેંકના વધતા ધ્યાન સાથે સંરેખિત છે.તેણીએ ઉમેર્યું હતું કે એક્ઝિમ ફિનસર્વ, તેની ફેક્ટરિંગ સેવાઓ દ્વારા, MSMEs ની નિકાસ સ્પર્ધાત્મકતા વધારવા માટે તૈયાર છે કારણ કે તેઓ સંકળાયેલ જોખમો અને રોકડ પ્રવાહની મુશ્કેલીઓ વિના, તેમના ખરીદદારોને સ્પર્ધાત્મક ક્રેડિટ શરતો ઓફર કરી શકે છે.સુશ્રી બંગારીએ નોંધ્યું હતું કે એક્ઝિમ ફિનસર્વની શરૂઆત સાથે, એક્ઝિમ બેંક હવે ઓપન એકાઉન્ટ ટ્રેડની સાથે બેંક-મધ્યસ્થ ટ્રેડ ફાઈનાન્સ સાથેના વેપારના સમગ્ર કેનવાસને આવરી લે છે.

PUBLIC NOTICE

Advocate A. R. Yadav

BEFORE THE COURT OF MEMBER MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, THANE AT THANE

M.A.C.P. NO. 844/222
EXH. NO. 11

Miss Farheen Mohammed Hussain Shaikh ...Applicants

V/S.

P. S. Sharma ...Opponents

To.
P. S. Sharma
L. S. No. 288/01, Mithirohar Village, Gandhidham, Kachchh, Gujrat - 370210

Whereas the above named applicant has filed Accident Claims Application for the compensation of Rs.100,000/- in the Tribunal against you and others.

You are hereby given notice to appear in the Tribunal in person or by pleader duly instructed and to file your say within 30 days from the publication of this notice. Failing which the said application will be heard in your absence and determined ex-parte.

Given under my hand and seal on this 07 day of August 2023.

Sd/- Clerk Seal By Order Superintendent M.A.C.T, Thane.